PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૭/ક્વા–૦૧/૧૮–૧૯/ 4763(7) તા. 29-5-18

રજી. એ.ડી. પત્ર

(37)

પ્રતિ,
જાહીદ અ. સતાર ગેલેરીયા,
લીમડા ફળી, મેમણચોક,
શહેર : ધ્રોલ
તા.ધ્રોલ
જી. જામનગર
મો: ૯૯૧૩૯ ૭૮૭૮૬

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૦૫–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૭/ક્વા–૦૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

6 P

આપનો વિશ્વાસુ

(6)

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રોલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની ત્વરિત અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૫/ક્વા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૨–૦૫–૧૮ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: જાહીદ અ. સતાર ગેલેરીયા, ગામ: ધ્રોલ

રજુઆત કરનાર: અરજદાર શ્રી જાહીદ અ. સતાર ગેલેરીયા હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રોલ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

રજુઆત કરનાર :એન.પી.શાહ – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ અરજદાર ધ્રોલ તાલુકાના – ધ્રોલ ગામે ગ્રાહક નં.–૮૮૩૦૧/૦૦૫૮૩/૧ થી જોડાણ ધરાવે છે. તેઓ ધંધા બાબતે બહાર હોય – વારંવાર તેઓના ઘરવપરાશ વીજજોડાણ મા લાઈટ બીલ – લોક ની સ્થિતી નુ આવતુ હોય – જેથી દર વખતે સુધરાવુ પડે છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર (ફરીયાદી): નામ: જાહીદ અ. સતાર ગેલેરીયા, ગામ: ધ્રોલ ખાતે સતાર વલીમામદ ગેલેરીયા ના નામનુ ગ્રાહક નં.–૮૮૩૦૧/૦૦૫૮૩/૧ થી ઘરવપરાશ હેતુ નુ વીજજોડાણ શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રોલ હેઠળ ધરાવે છે.સદર ગ્રાહક નુ વીજબીલીંગ દર ૦૨ માસે કરવામા આવે છે. તે મુજબ છેલ્લુ વીજબીલ તા.૩૦–૦૪–૧૮ ના રોજ લોક ની સ્થિતી નુ અપાયેલ છે. |
| ૨.૨ | વીજબીલ બનાવવા અંગે ની કામગીરી શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રોલ મા કોન્ટ્રાકટ દ્વારા એજન્સી ને સોંપાયેલ છે,તે મુજબ – મીટર રીડર તા.૩૦–૦૪–૧૮ ના રોજ વીજબીલ આપવા માટે મીટર વાંચન માટે સ્થળ પર દિવસ દરમ્યાન મકાન બંધ માલુમ પડેલ હતુ. જેથી, લોક ની સ્થિતી મુજબ વીજબીલ અપાયેલ છે. જેથી, સદર બાબતે અરજદાર દ્વારા તા.૩૦–૦૪–૧૮ ના રોજ રૂબરૂ રજુઆત કરતા જણાવેલ કે સદર બીલીંગ સાયકલ નો ડેટા કલોઝ થઈ ગયેલ હોવાથી રીડીંગ મુજબ બીલ બનાવી શકાશે નહી. |
| ૨.૩ | જેથી, અરજદાર ને અસંતોષ થયેલ હોય – સદર પ્રકારની ફરીયાદ ઉત્પન્ન થયેલ છે. જે અંગે વિભાગીય કચેરી ના પત્ર – તા.૧૭–૦૫–૧૮ મા જણાવ્યા મુજબ – નાયબ ઈજનેર શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રોલ ને સદર બાબતે યોગ્ય પગલા લેવા માટે ની સુચના અપાયેલ છે. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, ધ્રોલ ખાતે સતાર વલીમામદ ગેલેરીયા ના નામનુ ગ્રાહક નં.–૮૮૩૦૧/૦૦૫૮૩/૧ થી ઘરવપરાશ હેતુ નુ વીજજોડાણ શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રોલ હેઠળ ધરાવે છે.સદર ગ્રાહક નુ વીજબીલીંગ દર ૦૨ માસે કરવામા આવે છે. તે મુજબ છેલ્લુ વીજબીલ તા.૩૦–૦૪–૧૮ ના રોજ લોક ની સ્થિતી નુ અપાયેલ છે. તેઓ ધંધા બાબતે બહાર હોય – વારંવાર તેઓના ઘરવપરાશ વીજજોડાણ મા લાઈટ બીલ – લોક ની સ્થિતી નુ આવતુ હોય – જેથી દર વખતે સુધરાવુ પડે છે. જેથી, અરજદાર ને અસંતોષ થયેલ હોય ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| **૩.૨** | સદર કેઈસ મા લાગુ પડતા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના વિભાગ ૬ ના મીટર વાંચન બાબતે કરાયેલ જોગવાઈઓ નીચે મુજબ છે.<br>પેટા મુદદા નં. ૬.૨૧ – કોઈપણ કારણસર બીલ તૈયાર કરવાના કામ દરમ્યાન – મીટર વાંચવામા ન આવે તો પરવાનેદાર દ્રારા વાંચન લેવાયેલ હોય – તે છેલ્લા ૦૩ મહિનાના સત્ર મા સરેરાશ વપરાશ ના આધારે કામ–ચલાઉ બીલ તૈયાર કરશે, આવી કામ–ચલાઉ બીલ તૈયાર કરવાની વ્યવસ્થા સળંગ – ૦૨ બીલીંગ અવધી કરતા વધુ સમય માટે ચાલુ રહેશે નહી, બીલ તૈયાર કરવાની બે અવધી પછી પણ મીટર વાંચન શકય ન હોય તો – પરવાનેદાર, ગ્રાહક ને લાગુ પડતા ન્યુનતમ ચાર્જ અને / નિયત ચાર્જ માટે બીલ મોકલશે.<br>પેટા મુદદા નં. ૬.૨૫ – ઘરેલુ ગ્રાહકે નિવાસ માં સતત ગેરહાજરી ના કારણે પરવાનેદાર મીટર વાંચવા પ્રવેશ નહી કરી શકે – તેવી તેણે અગાઉ થી જાણ કરી હોય ત્યારે, પરવાનેદાર ગ્રાહક ને કોઈ નોટીસ / કામચલાઉ બીલ મોકલશે નહી, શરત કે આવા સમયગાળા નો ફીકસચાર્જ ગ્રાહક અગાઉ થી ભરપાઈ કરે. જયારે ગ્રાહક દ્રારા મીટર વાંચન માટે સુલભ કરી અપાય ત્યારે, સમગ્ર વપરાશ – પ્રવેશ ની અલભ્યતા અંગે કરેલી મુદતો બાદ કરીને રહેતી મુદત માટે નો વપરાશ હોય તેમ ગણાશે, ગ્રાહકે તાજેતર ની તારીખ સુધી બાકી રકમ ચુકવી હોય તો જ આ સુવિધા તેને ઉપલબ્ધ થશે, વધુમા આવા ગ્રાહકો એ ૦૬ મહિનામા એક વખત પૂર્વ જાણકારી વ્યાજબી રીતે કર્યા પછી – મીટર વાંચન માટે ઉપલબ્ધ કરાવવાનુ રહેશે. આમ, કરવામા નિષ્ફળ જશે તો વીજપુરવઠો બંધ કરવામા આવશે.<br>પેટા મુદદા નં. ૬.૬૭ મુજબ ગ્રાહકે સુચિત ગેરહાજરી ની મુદત માટે – ફીકસચાર્જ આવરી લેતી રકમ જમા કરાવવાની રહે, આવી કામચલાઉ ચુકવણી ખરેખર મીટર વાંચન ના ધોરણે રવાના કરાય ત્યારે સરભર કરાશે. |
| **૩.૩** | ઉપરોકત મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ મુજબ – તેઓ સતત દિવસ દરમ્યાન બહારગામ રહેતા હોય – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના વિભાગ ૬ ના મીટર વાંચન અંગે ના પેટા મુદદા નં.૬.૨૫ મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદારે સહકાર આપી અને કાર્યવાહી કરવી, અને અરજદાર ના સહકાર સામે પીજીવીસીએલે નિયમાધીન કાર્યવાહી કરવાની રહેશે. જે બાબત ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવા બાબતે નો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે ની બન્ને પક્ષકારો ને જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.